**647510** **MA0GujCC1010** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# Oct/Nov. -2018
# BHASHA KAUSHAL (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના કાવ્યની સમીક્ષા કરો. (૧૪)

કાળની કેડીએ ઘડીક સંગ,
રે ભાઇ, આપણો ઘડીક સંગ.
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ,
ધરતી આંગણ માનવીનાં આ ઘડીક મિલન મેળા,
વાટમાં વચ્ચે ક્યારેક નકી આવશે વિદાય વેળા,
તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા!
હૈયાનો હિમાળો ગાળી ગાળીને વહશું હેતની ગંગ!
રે ભાઇ, આપણો ઘડીક સંગ!
પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટક પથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી,
એકબીજાને જીતશું રે ભાઇ, જાતને જાશું હારી,
ક્યાંય ન માય રે એટલો આજ તો ઉરને થાય ઉમંગ!
કાળની કેડીએ ઘડીક સંગ!

**-નિરંજન ભગત.**

**અથવા**

પ્રશ્ન-૧ નીચેના કાવ્યની સમીક્ષા કરો.

પકડો કલમ ને કોઇ પળે એમ પણ બને,
આ હાથ આખેઆખો બળે એમ પણ બને.
જ્યાં પ્હોંચવાની ઝંખના વર્ષોથી હોય ત્યાં,
મન પ્હોંચતાં જ પાછું વળે એમ પણ બને.
એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા?
એક પગ બીજા પગને છળે એમ પણ બને.
જે શોધવામાં જિંદગી આખી પસાર થાય,
ને એ જ હોય પગની તળે એમ પણ બને.
તું ઢાળ ઢોલિયો હું ગઝલનો દીવો કરું,
અંધારું ઘરને ઘેરી વળે એમ પણ બને.

**-મનોજ ખંડેરિયા.**

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

કાવ્ય એટલે જીવનનાં દર્શનનુ;, જીવનની અનુભૂતિનું વાણી દ્વારા રમણીય અનુદર્શન. રમણીયતાસાધક તત્વોમાં દર્શનગત, અનુભૂતિ, ભાવમયતાનું સ્થાન સર્વોપરિ છે. કવિનું દર્શન ભાવમય હોય, અને એના ભાવમય અનુસર્જનમાં ભાવકને એ ભાવની અનુભૂતિ કરાવવાનું સામર્થ્ય હોય. ભાવની અનુભૂતિને રમણીય રૂપે ભાવકગમ્ય કરવા માટે કવિ વાણીનો, શબ્દરચનાનો, શબ્દનાં રવમાં રહેલ માધુર્યનો અને ઓજસનો સાધન તરીકે ઉપયોગ કરે છે. કવિની અનુભૂતિમાં અને એના આકાર નિર્માણમાં અનુસ્યૂત થતું કલ્પનારુચિર અલંકારતત્વ ભાવ વ્યંજનાને વિશેષ ચમત્કારક બનાવે છે, એના વ્યંજક શબ્દનાંવ્યંજના-સામર્થ્યને વધારે છે. **-રામપ્રસાદ બક્ષી.**

**અથવા**

પ્રશ્ન-૨ નીચેનાં ગદ્યખંડનું વિવરણ કરો.

લેખક કે કવિ માથે ધર્મગુરુ કે પયગંબર અથવા ભાટ કે પ્રચારકની કામગીરી બજાવવાની ફરજ હોવી ન જોઇએ. સમકાલીન જીવન ઉપર એની કાંઇ ગણનાપાત્ર અસર પડતી જોવા મળે તો પણ એની હસ્તીને ન્યાય્ય (ન્યાયિક) ઠેરાવનાર વસ્તુ નથી. સાહિત્ય કૃતિની મૂલ્યવત્તાનો આધાર લેખક ભૂલ વગરની સૈદ્ધાંતિક ભૂમિકા સ્વીકારે અથવા સુપ્રતિષ્ઠિત ધર્મશ્રદ્ધાનો આશરો લે એની ઉપર નથી. જે કલાકાર કલા સિદ્ધ કરવામાં સફળ નીવડે છે તે પોતાની પ્રત્યેની તેમ સમાજ પ્રત્યેની જવાબદારી અદા કરી છૂટે છે. આપણા સમાજનું સૌથી શોકજનક લક્ષણ હોય તો તે એ કે કલાકાર પોતાના કલા સિદ્ધ કરનાર સ્વભાવ કરતાં બીજી વસ્તુઓની મદદથી સમાજ આગળ પોતાના અસ્તિત્વને ન્યાય્ય (ન્યાયિક) ઠેરાવવા ચિંતાતૂર જોવા મળે છે. **-ઉમાશંકર જોશી.**

પ્રશ્ન-3 નીચેના ગદ્યખંડનું સારલેખન કરો. (૧૪)

પ્રજા આપ-મતલબી થઇ ગઇ છે. પગાર, નફો અને આરામને ધ્યેય કરીને વર્તવા લાગી છે. તેણે ધ્યેયને ખાતર નીતિ, સંયમ, સ્વદેશી, રાષ્ટ્રભક્તિ વગેરે માનવધર્મો છોડવા માંડ્યા છે. એ બધું હોંશિયારીથી છોડવું એ ભણેલાનાં ભણતરની નિશાની ગણાય છે. આ ટેવો માત્ર ઉપદેશથી બદલી ન શકાય. બાળકોની કેળવણી એવી રીતે યોજો કે જાત મહેનત, સ્વાવલંબન અને સેવાજીવનનો તેમને સ્વાદ લાગી થાય. તેમને પોતાના દેશબંધુઓ ઉપર ઊંડો અંતરનો પ્રેમ જન્મે. તેમની અંદર ભળવાની, તેમને ખાતર ઘસાવાની લગની લાગે. પ્રજા ચારિત્ર્યનાં ખવાઇ જતા પાયાઓ પાયાની કેળવણી મારફત ફરીથી મજબૂત કરવાની રાષ્ટ્રપિતાની કલ્પના છે. જીર્ણ થઇ જતું અને સડી જતું જીવન નીરોગી બનાવી દેવાની એ કલ્પના છે. **-જુગતરામ દવે.**

**અથવા**

પ્રશ્ન-3 નીચેના ગદ્યખંડનું સારલેખન કરો.

માબાપોને એ વાતની ખબર નથી હોતી કે પોતે પોતાના બાળકને કેળવણી આપી શકે તે માટે પ્રથમ તો તેમણે પોતાની જાતને જ કેળવવાની રહે છે. બાળકને માત્ર સારા સારા શબ્દો કહેવા, ડાહી ડાહી શિખામણ આપવી એનો કશો જ અર્થ નથી. આપણે જે કહેતા હોઇએ તેમાં રહેલું સત્ય જો આપણા જીવંત દૃષ્ટાંત દ્વારા આપણે ન બતાવી શકીએ તો પછી આપણા શબ્દોની કે શિખામણની કશી અસર પડતી નથી. સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, નિખાલસતા, હિંમત, નિઃસ્વાર્થતા, ધીરજ, સહનશક્તિ, ખંત, શાંતિ, સ્વસ્થતા, આત્મસંયમ, આ બધી વસ્તુઓ એવી છે કે તેમને શીખવવા માટે સુંદર શબ્દો કરતાં આપણું પોતાનું દૃષ્ટાંત જ અનેકગણું સારું કામ આપે છે. કદી ભૂલશો નહિ કે બાળકને આ જગતમાં જન્મ આપીને તમે તેના પ્રત્યેની એક ફરજ નોતરી લીધી છે. અને તેનો એક જ માર્ગ છે કે તમે પોતે વધુ ને વધુ ઉત્તમ બનો. **-શ્રી માતાજી (અનુ. સુંદરમ્)**

પ્રશ્ન-૪ છંદની વિભાવના સ્પષ્ટ કરી તેના પ્રકારો વિશેની સમજ સ્પષ્ટ કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ અલંકારની વિભાવના સ્પષ્ટ કરી સાહિત્યમાં તેની ઉપકારકતા વિશે નોંધ લખો.

પ્રશ્ન-૫ ટૂંકનોંધ લખો. (કોઇપણ બે) (૧૪)

(અ) જોડણીનું મહત્વ અને સર્વ સામાન્ય નિયમો.

(બ) પ્રુફરીડિંગનું મહત્વ અને સંજ્ઞાઓ.

(ક) પૃથ્વી અને મંદાક્રાન્તા છંદનું બંધારણ અને દ્દષ્ટાંતો.

(ડ) રૂપક, સજીવારોપણ અને ઉત્પ્રેક્ષા અલંકારો સદ્દષ્ટાંત સમજાવો.

**********************************